# ધોરણ - 5 ગુજરાતી

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| G501 વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો, વાંચી અને સમજી શકે છે.<br>G502 પરિચિત – અપરિચિત પરિસ્થિતિ અને સંવાદો સાંભળી અને સમજી શકે છે.<br>G503 રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો, પૂછપરછ પ્રોજેકટ કાર્ય દ્વારા સમજી શકે છે.<br>G504 બાળ સાહિત્ય અને પ્રદેશિક ગીતો, કથાઓ, વાંચી સાંભળી તેને સમજી શકે છે.<br>G505 વાંચન, સામગ્રી તથા દશ્ય – શ્રાવ્ય સાધનો દ્વારા કાવ્યો, વાર્તાઓ નાટકો અને મુખ્ય વિચારોને જોઈ સાંભળી અને સમજી શકે છે.<br>G506 સમયપત્રક, નકશા, પ્રતીકો અને લખાવેલી સામગ્રીમાંથી વાંચી સાંભળી શકે છે.<br>G507 ભાષામાં થયેલી વિવિધ રજૂઆત સાંભળી અને મુખ્ય વિચાર સમજી શકે છે.<br>G508 આશરે 2500 જેટલા શબ્દો સમજી અને શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.<br>G509 સાહજિક રીતે ખચકાયા વિના બોલી શકે છે.<br>G510 કાવ્યો, ગીતોનું ભાવવાહી પઠન, ગાન, અભિનય અને મુખપાઠ કરી શકે છે.<br>G511 જોયેલ, સાંભળે અને કલ્પના કરેલ બાબતોનું વર્ણન કરી શકે છે.<br>G512 જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો પૂછી શકે છે. અને પ્રશ્નોના યોગ્ય જવાબ આપી શકે છે.<br>G513 કથનમાં નવા શબ્દોનો પ્રયોગ કરી શકે છે. અને મુદા પરથી વાર્તા રજૂ કરી શકે છે.<br>G514 યોગ્ય વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે મરોડદાર લેખન કરી શકે છે.<br>G515 શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્નો તથા માન્ય જોડણી સાથેનું શ્રુતલેખન કરી શકે છે.<br>G516 પ્રશ્નોના મુદાસર જવાબ આપી શકે છે.<br>G517 અપરિચિત વિષય પર સ્વતંત્રલેખન કરી શકે છે.<br>G518 કાવ્યની અધૂરી પંક્તિ પૂર્ણ કરી શકે છે.<br>G519 ચિત્રવર્ણન કરી શકે અને લખી શકે છે. | • વાર્તા, કાવ્યો, વર્ણનનું ભાવવાહી પઠન, શ્રવણ, અને ભાવપૂર્ણ સમજ માટે પ્રશ્નોત્તરી અને નાટ્યીકરણ કરાવવું.<br>• વિદ્યાર્થી સાથે સંવાદના નમૂનાઓ રજૂ કરી પ્રશ્નોત્તરી કરવી અને જૂથ બનાવી સંવાદ કરાવવો<br>• બાળકોના કૌશલ્યો અને સર્વાંગી વિકાસને લગતી રમતો, પ્રવૃત્તિઓ કરાવવી મુલાકાત/પૂછપરછઃ પ્રોજેકટ કાર્ય મુલાકાત દરમ્યાન કરવાની પ્રશ્નોતરીની યાદી કરાવવી.<br>• બાળસાહિત્ય માટે ન્યૂઝપેપર, વાર્તાઓ, કથાઓ, ભાષા રમતોના અંકો બનાવવા અને વાર્તાઓ રજૂ કરાવવી<br>• લોકકથા દ્વારા અથવા શિક્ષકો વિદ્યાર્થી દ્વારા લોકકથાઓ સંભાળવવી<br>• પુસ્તકાલયમાંથી વયકથા અનુસાર પુસ્તકો વંચાવવા<br>• દશ્ય – શ્રાવ્ય સાધનો અને ટેકનૉલોજિકલ ઉપકરણો અને પધ્ધતિ નો ઉપયોગ કરવો<br>• બસસ્ટેન્ડ, રેલવેસ્ટેન્ડની મુલાકાત વિવિધ સિમ્બોલ, દશ્ય – શ્રાવ્ય સાધનોના આધારે દશ્ય અને નકશાની સાંકેતિક ભાષાનો ખ્યાલ આપવો<br>• મૂળાક્ષરો પરથી શબ્દો બનાવવા વાર્તા શ્રવણ પછી શીર્ષક આપવું અને ફકરા પરથી પ્રશ્નોના જવાબ મેળવવા<br>• શબ્દકોષના ક્રમ અનુસાર વિવિધ સ્વ-અધ્યયન પ્રવૃત્તિઓ કરાવવી<br>• પરિચિત કે અપરિચિત વિષય, ઘટના કે પરિસ્થિતિ વિશે મૌખિક કે લેખિત રજૂઆત કરવા પ્રેરાય તેવી તક ઊભી કરવી<br>• અભ્યાસક્રમ અંતર્ગત કાવ્યોનું તેમજ તેને પ્રેરક કાવ્યોનું વ્યક્તિગત અથવા સામૂહિક શ્રવણ તેમજ ગાન કરાવવું, અભિનય કરાવવો<br>• પ્રવાસ, ઘટના, સ્વપ્ન વગેરેનો અનુભવ વર્ગમાં રજૂ કરવા માટે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા<br>• વાર્તા, ઘટના કે પ્રસંગ પરથી પ્રશ્નોતરી કરાવવી<br>• મુદા પરથી વાર્તા તેમજ મૌખિક વાર્તાકથન કરવા વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા<br>• વિદ્યાર્થીઓને વિરામચિહનો આવતા હોય એવા ફકરા સુલેખન કરાવશે |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| G520 શબ્દચિત્ર બનાવી અને વાકય બનાવી શકે છે.<br>G521 પરિચિત પરિસ્થિતિ કે વિષય ઉપર વાક્યો લખી શકે છે.<br>G522 પઝલ ચિત્રો જોડી તેનું વર્ણન કરી શકે છે.<br>G523 પત્રલેખન કરી શકે છે.<br>G524 પ્રસંગ અનુરૂપ કાર્ડ બનાવી તેમાં લેખન કરી શકે છે.<br>G525 દરેક પરિસ્થિતિમાં યોગ્ય વાત કે વ્યવહાર કરી શકે છે.<br>G526 જાહેરાતનાં બોર્ડ અને જાહેર સૂચનાઓ સંકેતના બોર્ડ, ટ્રાફિક સિગ્નલ વગેરેને અનુસરે છે.<br>G527 સ્થાનિક બોલી / ભાષાના શબ્દોનો માન્ય ભાષામાં અર્થ શોધવા માટે શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.<br>G528 લિંગ, વચનકાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.<br>G529 શબ્દ સમજ, શબ્દ – શબ્દ વચ્ચેનો સંબંધ, સ્વર અને વ્યંજન, સંધિ, સમાસ, સંયોજક, અલંકાર રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.<br>G530 ચિત્રોને આધારે વાર્તાકથન કરી શકે છે.<br>G531 સારી નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લઈ શકે છે.<br>G532 શાળા, ઘર કે સ્થાનિક સમુદાયમાં ઉદભવતી મૂંઝવણભરી પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધી શકે છે. | • આદર્શ વાચન અને લેખનનો નમૂનો પૂરો પાડી શ્રુતલેખન કરાવવું<br>• પરિચિત વિષય પર મુદાસર સ્વતંત્ર લેખન કરાવવું<br>• વિરામચિહનો અને જોડણીનું મહત્વ સમજાવવું<br>• વિદ્યાર્થી કાવ્યમાંથી અંતરાની પ્રથમ અને છે.લ્લા શબ્દ લખી વચ્ચેની કડીઓ લખવા આપવું<br>• શિક્ષકે આપેલા ચિત્રનું અવલોકન કરી તેનું મૌખિક વર્ણન કરવું અને ત્યારબાદ ચિત્ર આધારે લેખન કરવા કહેવું<br>• શબ્દચિત્રના નમૂના દ્વારા શબ્દ, શબ્દચિત્ર તથા શબ્દના આધારે વાક્ય બનાવડાવવું<br>• વિદ્યાર્થી ને યાદગાર પ્રસંગનું તેમજ શાળામાં ઉજવાતા ઉત્સવો વિશે વાકય લખાવી સમયાંતરે નિબંધ લેખન કરાવવું<br>• પેપરમાં આવતી પઝલોનો અંક બનાવડાવવો, પઝલો પુરવવા પઝલ અંતર્ગત પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિ પઝલના નમૂના દ્વારા પ્રવૃત્તિ તેમજ વર્ણન કરાવવું<br>• પત્રની માળખાકીય સમજ આપી વિવિધ પત્રોના નમૂના દ્વારા પત્રલેખન કરાવવું તેમજ નજીકની પોસ્ટ ઓફિસની મુલાકાત કરાવી એક જગ્યાએથી બીજી જગ્યાએ પત્ર કેવી રીતે પહોંચે છે. તે સમજાવવું.<br>• શિક્ષક આવનાર તહેવારોને અનુરૂપ કાર્ડ બનાવી વિવિધ તહેવારોને લગતુ લખાણ લખાવી શુભેચ્છા પાઠવવાનું શીખવવું.<br>• વિવિધ મુલાકાતો, વાર્તાલાપ સ્વયં કરી શકે તેવા વ્યવહારોમાં વાતચીત અને સંવાદ કરે છે.<br>• શાળાએ આવતા જતાં બોર્ડ સૂચના, ટ્રાફિક સિમ્બોલ, પ્રતિકો વિશેની સમજ દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કરવા<br>• વિવિધ સમાચાર પત્રોમાં આવતા સમાચારની સમજ, વાંચન તેમજ રજૂ કરવાની કળાની સમજ આપવી લાઇબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરતાં કરવા<br>• લોકબોલીના શબ્દો અલગ તારવી શબ્દકોષમાં તેના અર્થો શોધવા તેમજ અર્થ ના મળે તો શિક્ષકે અર્થની સમજ આપવી<br>• ઉદાહરણો દ્વારા લિંગ, વચન, કાળ, વિરામચિહ્ન, ક્રિયાપદ, વિશેષણની સમજ આપવી.વાક્યમાંથી વિશેષણ તારવે છે. ક્રિયાપદ વગરના વાક્યો ના અર્થના ફેરફારોની ચર્ચા |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| | • વાક્યો દ્વારા પદક્રમ, નામપદ વિશેની સમજ, કહેવતો – રૂઢિપ્રયોગોના અંક બનાવશે, વાક્યમાં આવતા અલંકાર, રૂઢિપ્રયોગો, સમાસની સમજ આપવી,<br>• ચિત્રવાર્તાના નમૂના પૂરા પાડી સ્વયં ચિત્રવાર્તા – કથન કરવા પ્રોત્સાહિત કરવા.<br>• સારી નરસી બાબતો અંગે યોગ્ય નિર્ણય લઈ શકે તેવી પ્રવૃત્તિ કરાવવી<br>• મૂંઝવણભરી પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધતા શીખે તેવી સ્થિતિનું નિર્માણ કરવું/ કોયડા વાર્તાનું નિર્માણ કરવું. |

DRAFT